નવરાત્રીમાં ઘરફોડીયા બેફામ બન્યા

ચિલોડા પાસે બે મકાનોમાંથી લાખોની મત્તાનો હાથફેરો : વાવોલ અને અમરાપુરમાં પણ બંધ મકાનના તાળા તોડી માલમત્તાની ચોરી

ગાંધીનગર, તા. ૧૮

નવરાત્રી દરમ્યાન તસ્કરો વધુ સક્રીય થતા હોવાનું અને તેની સામે પોલીસ નિષ્ક્રિય થઈ હોવાનું લાગી રહ્યું છે. ચિલોડા-દહેગામ હાઈવે ઉપર સુરન્યા સોસાયટીમાં રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરો બે મકાનના તાળા તોડી ફરાર થઈ ગયા હતા અને લાખોની માલમત્તાની ચોરી કરી ગયા હોવાની વિગત મળી છે. જેમકે કે ચિલોડા પોલીસે મોડી સાંજ સુધી આ મામલે ફરીયાદ નોંધી નથી. તે ઉપરાંત વાવોલ ગામમાં અક્ષર હોમ્સ અને ગ્રામભારતી પાસે અમરાપુર ખાતે એક મકાનમાં પણ ઘરફોડ ચોરી થઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

મળતી માહિતી મુજબ ચિલોડા-દહેગામ હાઈવે પર આવેલી સુરન્યા સોસાયટીમાં રાત્રી દરમ્યાન તસ્કરોએ બે બંધ મકાનને નિસાન બનાવ્યા હતા. મકાન નં. ૨૦માં રહેતા રમેશભાઈ ચંદુભાઈ નાયીના ભાઈએ પંદરેક દિવસ પહેલા જ આ મકાનમાંથી દાગીના લઈને બીજા ખરીદેલા મકાન પાછળ ખર્ચ્યા હતા. અડધો સામાન પણ બીજા મકાનમાં શિફ્ટ કરી દીધેલો હતો પરંતુ તેમના માતાને માર્ગ અકસ્માત થયો હોવાથી હોસ્પિટલ ગયા હતા. તે દરમ્યાન બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો અંદરથી હાથફેરો કરી ગયા હતા. તાજેતરમાં જ દાગીના વેચીને મકાન લઈ લીધુ હોવાથી મોટી માલમત્તા ચોરાતા બચી ગઈ હતી. જો કે અંદરથી ચાંદીના દાગીના સાફ થઈ ગયા હતા. તો બીજી તરફ આ મકાનની બાજુમાં આવેલા મકાન નં. ૧૯માં રહેતા સિકંદરભાઈ રસુલભાઈ જીજવાના મકાનમાંથી તસ્કરોએ કિંમતી દાગીનાની ચોરી કરી લીધી હતી. તેમના મકાનમાંથી લાખો રૂપિયાની મત્તા સાફ થઈ ગઈ હતી.

જો કે ચિલોડા પોલીસે મોડી સાંજ સુધી સ્થળ તપાસ લીધી ન હતી. તે ઉપરાંત વાવોલમાં અક્ષર હોમ્સમાં માવજીભાઈ મોહનભાઈ પ્રજાપતિના બંધ મકાનમાંથી તસ્કરો રૂ. ૨૬,૬૫૦ની કિંમતના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ફરીયાદ સે. ૭ પોલીસમથકમાં નોંધાવા પામી છે. જ્યારે ગ્રામભારતી પાસે આવેલા અમરાપુર ગામમાં હાર્દિકભાઈ પ્રજાપતિના બંધ મકાનમાંથી તસ્કરોએ બે લાખની મત્તાની ચોરી કરી હોવાની ફરીયાદ માણસા પોલીસ મથકમાં નોંધાવા પામી છે.

સે-૨૩માં ફુલોથી સુશોભિત રંગોળી આકર્ષણનુ કેન્દ્ર બની

સે-૨૩ સ્થિત તેજસ સોસાયટીમાં આઠમના દિવસે મહાઆરતીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સેકટરની આસપાસની સોસાયટીઓના રહીશોએ ભેગા મળીને ભકિતભાવપુર્ણ માહોલમાં મહાઆરતી કરી હતી. બાળકો તેમજ અબાલ વૃધ્ધ સૌ કોઇ આ મહાઆરતીમાં જોડાઇ માતાજીના દર્શનનો લાભ લીધો હતો. જયારે આઠમ નિમિત્તે માતાજીના મુર્ખાવિંદની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. જયારે ફુલોની રંગોળી પણ આકર્ષણનુ કેન્દ્ર બની હતી. આઠમની રાત્રે ભાવિકો ગરબાની રમઝટ જમાવી હતી. સોસાયટીની નવરાત્રિ સમિતિના સુધીર દેસાઇ સહીત સૌ આગેવાનોએ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

અખંડ ભારતના નિર્માતા સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશ ગામે-ગામ પ્રસરાવવામાં આવશે

રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના શિલ્પી અખંડ ભારતના નિર્માતા, લોખંડી પુરુષ, પ્રખર રાષ્ટ્રભકત એવા સરદાર વલ્લભભાઈ પટેલને આદરપૂર્ણ શ્રધ્ધાંજલિ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવેલુ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. સરદાર સાહેબ જીવન કવન, સત્યાગ્રહો જેવા અનેક પ્રસંગો વિશેની માહિતી જન-જન સુધી પહોંચે તેવા આશયથી આવતીકાલ તા.૧૯/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૩૦ વાગે બારડોલી, સુગર ફેકટરી કંપાઉન્ડ ખાતેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એકતા રથયાત્રાનું પ્રસ્થાન કરાવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે સૂર્યશકિત કિસાન યોજનાના ૧૧ કેવી ખલી, નાનીફળી અને ખાનપુર એમ ત્રણ ફિડરોનો ખાતમુહૂર્ત સંપન્ન થશે. ધરતીપુત્રો ખેતીવિષયક વીજ ઉત્પાદન પોતાના જ ખેતરમાં જાતે જ કરીને તેનો ઉપયોગ કરી સિંચાઈની સાથે વધારાની આવક મેળવી શકે તે માટે સ્કાય યોજના રાજય સરકારે અમલમાં મૂકી છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના બારડોલી પેટા વિભાગીય કચેરીના ૧૧ કેવી ખલી ખેતીવાડી ફીડર જે બારડોલી ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી નીકળે છે. આ ખેતીવાડી ફીડર પર ત્રીસ જેટલા ખેતીવાડી વપરાશ માટેના વીજ જોડાણો આપવામાં આવેલા છે. માંગરોળ પેટા વિભાગીય કચેરીના ૧૧ કેવી નાની ફળી ખેતીવાડી ફીડર જે વાંકલ ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી નીકળે છે. નાની ફળી ખેતીવાડી ફીડરમાં ૫૪ જેટલા ખેતીવાડી વપરાશ માટેના વીજ જોડાણો આપવામાં આવ્યા છે. વ્યારા વિભાગીય વીજ કચેરના તાબા હેઠળની વાલોડ પેટા વિભાગીય કચેરીના ૧૧ કેવી ખાનપુર ખેતીવાડી ફીડર જે રૂપવાડા ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી નીકળે જેમાં ૮૦ જેટલા વીજ વપરાશના જોડાણો આવેલા છે. ત્રણેય ફિડરોને સ્કાય યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હોઈ, આ ફીડર હેઠળના ૭૦ ટકા જેટલા વીજ ગ્રાહકોની સંમતિ હેઠળ યોજનાનો લાભ ખેડૂતોને મેળવી શકશે.

સમારોહમાં ઉર્જામંત્રીશ્રી સૌરભ પટેલ, વન-આદિજાતિમંત્રી ગણપતસિંહ વસાવા, સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રી ઈશ્વરભાઈ પરમાર, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, રમતગમત રાજયમંત્રી ઈશ્વરભાઈ પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી કિશોરભાઈ કાનાણી, વન અને આદિજાતિ વિકાસ વિભાના રાજયમંત્રી રમણલાલ પાટકર, સાંસદો, ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

વિજયા દશમી એટલે આસુરી તત્ત્વો પર સદ્‌ગુણોનો વિજય : વિજ્યાદશમીનું પર્વ આમ તો ખૂબ ધામધૂમથી દરેક જિલ્લાઓમાં ઉજવાય છે. આ દિવસે રાવણના અહમને પરાસ્ત કરી ભગવાન રામે આસુરી તત્ત્વોનો નાશ કરી અહમ વગરનું જીવન મર્યાદાઓ સાથે જીવવું એવો સંદેશ આપ્યો હતો. અરવલ્લી જિલ્લામાં આવા જ નેક સંદેશ સાથે વિજ્યા દશમીનું પર્વ રાવણદહનનો કાર્યક્રમ કરી અને ઉજવવામાં આવ્યો હતો. આ દિવસે આમ તો ફાફડા જલેબી ખાઈ લોકો આનંદની અભિવ્યક્તિ કરતાં હોય છે. નવરાત્રીમાં ભૂલાતી ગરબીઓ વચ્ચે પણ રાવણદહનના કાર્યક્રમનું એક આગવું સ્થાન રહેલુ છે.

રાજપૂત સમાજ ભવન ખાતે શસ્ત્ર અને શાસ્ત્ર પૂજન યોજાયું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના રાજપૂત સમાજ તથા જિલ્લા રાજપૂત સમાજ દ્વારા વિજયાદશમીના પવિત્ર પર્વ નિમિત્તે 'શસ્ત્ર અને શાસ્ત્ર પૂજન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ પ્રમુખ કેશરીસિંહ વાઘેલાએ આવતા વર્ષે લેકાવાડા ખાતે નિર્માણ પામી રહેલ નવા રાજપૂત ભવન ખાતે વિજયાદશમી ઉજવાશે તેવી જાહેરાત કરી હતી.

સેકટર-૧૨માં રાજપૂત ભવન ખાતે યોજાયેલ શસ્ત્ર અને શાસ્ત્ર પૂજન કાર્યક્રમમાં રાજપૂત સમાજના પ્રમુખ એલ.કે. વાઘેલા, જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ રાજનસિંહ ચાવડા ઉપરાંત અગ્રણીઓ અંબુસિંહ ગોલ, ડૉ. શંકરસિંહ રાણા, અમરસિંહ ગોલ, પ્રદિપસિંહ વાઘેલા, ભીખુસિંહ બિહોલા સહિત સમાજના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શંકરસિંહ ગોહિલ, પ્રેમલસિંહ ગોલ, ભીખુસિંહ ચાવડા, મનુભા રાઠોડ, બીનાબા રાણા, કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, વિનોદસિંહ રાઠોડ રાજદિપસિંહ ગોલ વગેરેએ શસ્ત્રપૂજા કરી હતી. કાર્યક્રમના અંતે ખજાનચી બાબુસિંહ વાઘેલાએ આભારદર્શન વ્યકત કર્યું હતું. વાવોલ ગામના અરવિંદ ગોસ્વામીએ વિધિવત શસ્ત્રપૂજન કરાવ્યું હતું અને અંતમાં તમામે આરતી કરી હતી.

મહેસાણા રાજપૂત સમાજ દ્વારા શસ્ત્રપૂજન

મહેસાણા શહેર રાજપૂત સમાજના ઉપક્રમે શક્તિપૂજન અને શસ્ત્રપૂજન, તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ દશેરાના દિવસે સોમનાથ મહાદેવના પટાંગણમાં યોજાયો હતો. પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજના હસ્તે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીરમાં મહેસાણા રાજપૂત સમાજના પ્રમુખ ચંદનસિંહ રાજપૂત, ગુજરાત બાર કાઉન્સીલ એક્ઝી ક્યુટીવ કમીટીના ચેરમેન કરણસિંહ વાઘેલા, ગાંધીનગર મહાનગરપાલિકા ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિત અનેક અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા મહાકાલી માતાના મંદિરે નવચંડી હવન યોજાયો

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાથમતી નદી કિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાના મંદીરે આસો સુદ નોમના દિવસે નવચંડી હવન યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, દબદબાભેર, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. આસો સુદ નોમના દિવસે યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે નવચંડી હવનમાં શ્રીફળ હોમી નવચંડી હવનની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. દર્શનાર્થે ભારે માનવમેદની ઉમટી હતી. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

ધનસુરામાં આવેલ ગઢીમાતાજીના પ્રાચીન મંદિરે ચાંદીના અને માટીના ગરબા ચડાવાયા

ધનસુરામા ગઢીમાતાનું પ્રાચીન મંદિર આવેલ છે. અહી ચાંદીના અને માટીના ગરબા પણ ચડાવવામાં આવે છે. જો કોઈને સંતાન ન હોય તો અહી બાધા રાખવામાં આવે છે. લોકો અહી ચાંદીના ગરબા ચડાવે છે. આ ઉપરાંત લગ્ન ન થતા હોય, વિદેશ જવા માટે અને ઢોરઢાખર ગાય-ભેસ માટે પણ લોકો બાધાઓ રાખે છે. અહી માનેલી માનતાઓ પૂરી થાય છે. અહી લોકો ચાંદીના અને માટીના ગરબા ચડાવે છે. આજે એક ભક્ત દ્વારા અહી સોનાનો ગરબો પણ ચડાવવામાં આવ્યો હતો. આ મંદિરે આજે ગરબા ચડાવાયા હતા. અહી માટીના ગરબા પણ ચડાવવામાં આવે છે.

લોકો જિલ્લાભરમાંથી અહી ગઢી માતાજીના દર્શન કરવા માટે આવે છે. નવરાત્રી દરમિયાન આ મંદિરે યજ્ઞનું પણ આયોજન કરાયું હતું. આ ઉપરાંત અહી આવતા દર્શનાર્થીઓ માટે પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભકતોએ ધનસુરા રામજી મંદિરના મહંત પૂરણશરણદાસજી મહારાજના આશીર્વાદ લીધા હતા. સાથે પૂજારી રામશરણદાસ અને સ્વામી સત્સંગપ્રકાશજી(બાયડ) ઉપસ્થિત રહ્યા હતા.

વાતવાતમાં

● બુધવારે અડદી રાત્રીએ સેક્ટર-૨૧ પોલીસને નિવૃત્ત ડીઆઈજી ડી.જી. વણઝારાએ ફોન કરી તેમના નિવાસ્થાને બોલાવી હતી. પોલીસ પહોંચતા તેમણે ચિક્કાર દારૂ ઢીંચેલા તેમના કોન્સ્ટેબલ ડ્રાઈવરને પોલીસને હવાલે કરતા 'પોલીસ' પોલીસને પકડીને લઈ જાય તેવો ઘાટ સર્જાયો હતો.

● બુધવારે રાત્રે મહાઅષ્ટમીએ ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહાઆરતીમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. મહાઆરતીના અદ્‌ભૂત દશ્યને મોબાઈલ કેમેરામાં કંડારી સોશ્યલ મિડિયા પર અપલોડ કરવા આ માનવ મહેરામણમાં લાગેલી હોડના કારણે મહાઆરતીથી ચાલુ કરીને અંદાજે અડધા કલાક સુધી આ વિસ્તારના મોબાઈલ ટાવરના નેટવર્ક જામ થઈ જવા પામ્યાં હતા.

● સેક્ટર-૨૯માં એક મહિલા સ્કૂટર સવાર એક ડાલુ જીપના આગળના ભાગે ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મહિલાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ઈટાડી અંબાજી મંદિરે નવમાં નોરતે સમૂહ યજ્ઞ યોજાયો

મોડાસાના ઈટાડી ગામે આવેલ અતિ પૌરાણિક અને મીની અંબાજી તરીકે માઈ ભક્તોના અસ્થાના પ્રતીક એવા ઈટાડી અંબાજી મંદિરમાં નવરાત્રીના પાવન પર્વ નીમીત્તે નવમાં નોરતે નોમનાં સમૂહ યજ્ઞ યોજાયો હતો. જેમાં ૮૦ યજ્ઞમાં ગામના યજમાનો અને પ્રજાજનો ઉપસ્થિત રહી મા આદ્યશક્તિ અંબાની આરાધના કરી હતી. યજ્ઞ વિધિ લીંભોઈ ગામના અમૃતભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી. ઈટાડી મંદિરના પ્રમુખ જયેશ પટેલ અને મંત્રી રમેશભાઈ બારોટના જણાવ્યા અનુસાર વર્ષોથી ઈટાડી મંદિરમાં સમૂહ યજ્ઞનું આયોજન થાય છે. જેમાં ગામના દેશ-વિદેશમાં વસવાટ કરતાં પ્રજાજનો નોમનાં હવનમાં ખાસ ઉપસ્થિત રહે છે. વર્ષમાં એકવાર ફરજીયાત નોમના હવનમાં ગ્રામજનો સહપરિવાર ઉપસ્થિત રહેતા હોય છે.

ખેડબ્રહ્મા તાલુકાના ચીખલા ગામે રેશનીંગની વસ્તુઓ રેગ્યુલર ન મળતા પ્રજા હેરાન

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા શહેરથી નજીક આવેલા ચીખલા ગામે રેશનીંગનો માલ રેગ્યુલર નથી મળી રહ્યાંનો એક કિસ્સો સામે આવી રહ્યો છે. આ ગામના લોકો પોતાના ગામેથી નામ કમી કરવાના મુડમાં લાગી રહ્યા છે. કુપનો કાઢવામાં આવતી નથી, માલ બારોબાર વેંચાય છે તેવી ગ્રામજનોએ રજુઆત કરી છે.

ગ્રામજનોને જથ્થો મળવા પાત્ર છે જ્યારે આમના અંગુઠા લઈ પૂરતો માલસામાન આપવામાં આવતો નથી. જયારે અહીંના દુકાનદારને પુછવામાં આવતા તેને જણાવ્યું કે જુલાઈ માસમાં ૩૪ ટકા, ઓગસ્ટ માસમાં ૬૧ ટકા, સપ્ટેમ્બર માસમાં ૭૯ ટકા વિતરણ થયેલ છે જયારે ગ્રામજનોને અનિયમીત માલ ન મળતાં ઉપલીકક્ષાએ રજુઆત કરી હોવાનું જણાવ્યું હતું. દિવાળીના ત્યોહારને લઈને સત્વરે અનાજ મળે તેવી માંગ ઉઠવા પામી છે.

કાંકરેજ તાલુકાના દેવદરબાર જાગીર મઠ ખાતે રાજપૂતોનો શસ્ત્ર પુજન કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાની જાગૃત ભૂમિ જ્યાં સાક્ષાત્કારનો એક લ્હાવો એવા દેવદરબાર જાગીર મઠ ખાતે કાંકરેજ રાજપૂત સમાજનો શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો હતો. ત્યારે દેવદરબાર જાગીર મઠના ૧૦૦૮ મહંત શ્રી બળદેવનાથ બાપુના અધ્યક્ષસ્થાને યોજાયેલા શસ્ત્ર પુજન વિધિમાં ભુદેવ દ્વારા મંત્રોચ્ચાર કરી અબીલ ગુલાલ કંકુ ચોખાથી વિધિવત શસ્ત્રપુજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાંકરેજ પૂર્વ ધારાસભ્ય મગનસિંહ વાઘેલા, મફજી સોલંકી, કરણસિંહ વાઘેલા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેશરીયા, વી.ડી. વાઘેલા વડા, કનુભા વડા, ગાંડાજી વાઘેલા સરપંચ આકોલી તેમજ મોટી સંખ્યામાં રાજપૂત સમાજના અગ્રણીઓ વડીલો યુવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે દર વર્ષે દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજન કાર્યક્રમ દરમિયાન નવા યુવા પ્રમુખ અને મંત્રીની વરણી કરવામાં આવે છે. ત્યારે કાંકરેજ યુવા રાજપૂત જાગીરદાર સમાજના પ્રમુખ તરીકે ભરતસિંહ વાઘેલા (ભલગામ) અને મંત્રી તરીકે સજ્જનસિંહ સોલંકી(કંબોઈ)ની વરણી કરવામાં આવી હતી. ત્યારે સમગ્ર કાંકરેજના વડીલો અને યુવાનોએ અભિનંદન આપ્યા હતા અને શ્રી બળદેવનાથ બાપુએ આશીર્વાદ આપ્યા હતા.

તૈયારીઓ આરંભી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગણાવવામાં આવે છે. તો ૨૦૧૯ની ચૂંટણીમાં મેનિફેસ્ટો પણ એક મહત્વનો મુદ્દો બની રહેવાનો છે. કારણ કે દરવખતે કોંગ્રેસ ભાજપ પર તેના મેનિફેસ્ટોમાં રામમંદિરના મુદ્દાને લઈને પ્રહાર કરે છે. પહેલા ભાજપ પોતાના પહેલા પેજ પર રામ મંદિરનો મુદ્દો રાખતી હતી. જ્યારે હવે ભાજપ પોતાના મેનિફેસ્ટોમાં છેલ્લે રામ મંદિર રાખે છે. આવા મુદ્દા સાથે કોંગ્રેસ ભાજપ પર આવા પ્રહાર કરે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

પ્રમાણપત્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી જતાં હવે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા સામે આકરા પગલા ભરવામાં આવશે. ગુજરાત રાજયએ દેશનું એક માત્ર એવું રાજય છે કે જેના જાતિ અંગેના પ્રમાણપત્રના કાયદાને રાષ્ટ્રપતિએ મંજૂર કરેલ છે જેથી આ કાયદાનું મહત્વ અને અગત્યતા વધારે રહેશે. આ કાયદાની મુખ્ય જોગવાઈઓની વિગતો આપતા વસાવાએ ઉમેર્યું હતું કે, જયારે કોઈ જી/જીઝ/ઈઝ ઉમેદવારોની પસંદગી સરકારી નોકરીમાં થશે ત્યારે, શરૂઆતમાં જ તેના જાતિના પ્રમાણપત્રની ખરાઈ કરવામાં આવશે અને જો આવું જાતિ અંગેનું પ્રમાણપત્ર ખોટું સાબિત થશે તો તેણે નોકરી માટેનો ઓર્ડર આપવામાં આવશે નહીં અને જેઓ નોકરી કરે છે તેઓનું જાતિ પ્રમાણપત્ર ખોટું સાબિત થશે તો તેને સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવશે. જો કોઈ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હશે તે પ્રવેશ રદ થશે અને તેની ડિગ્રી પણ કરી જપ્ત કરવામાં આવશે. જો કોઈ વ્યકિત આવા ખોટા જાતિના પ્રમાણપત્રને આધારે ચૂંટણી લડ્યો હશે તો તેનું ગ્રામ પંચાયતના સભ્ય, સરપંચ, ડેપ્યુટી સરપંચ, તાલુકા પંચાયતના સભ્ય, જિલ્લા પંચાયતના સભ્ય, ધારાસભ્ય અને સંસદસભ્ય તરીકેનું સભ્ય પદ પણ રદ કરવામાં આવશે.

રાજીનામુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્થાઓ જે કાર્યરત છે તેના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાના મૂડમાં છે. વાઘેલાએ એકાએક જ પક્ષ છોડવાના કરેલા નિર્ણયને પગલે રાજકીય સન્નાટો જોવા મળી રહ્યો છે. તેઓ યુવાવર્ગમાં એક આગવી ઓળખ ધરાવે છે. જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેની કામગીરીથી રાજકીય ઈનીંગનો પ્રારંભ કરનાર મહેન્દ્રસિંહ વાઘેલા સતત બે ટર્મ સાબરકાંઠા જિલ્લામાંથી વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરી ચુકયા છે જે નોંધનીય છે.

કાનૂન લાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે તેમના દ્વારા ચુંટી કાઢવામાં આવેલી સરકાર હોવા છતાં રામ મંદિર કેમ બની રહ્યું નથી. ભાજપે કહ્યું હતું કે, ભગવાન રામ ભારતના ગૌરવ પુરુષ તરીકે છે. બાબરે આત્મસન્માનને ખતમ કરવા માટે મંદિરને તોડી પાડ્યું હતું. ભાગવતના આ નિવેદને લઈને અનેક રાજકીય અર્થ કાઢવામાં આવી રહ્યા છે. ભાગવતે ૨૦૧૯ની ચૂંટણી પહેલા મોદી સરકારને એવો સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે કે, રામ મંદિરનો મુદ્દો કોઈપણ રીતે ઉઠાવવો જોઈએ. રામ મંદિર નિર્માણ ભાજપ માટે હંમેશા એક મોટો મુદ્દો રહ્યો છે. ભાજપના ઘોષણાપત્રમાં અયોધ્યામાં મંદિર નિર્માણની વાત કરવામાં આવી છે. હાલમાં અયોધ્યા વિવાદ સુપ્રીમ કોર્ટમાં છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આ મામલાને જમીન વિવાદ તરીકે જ ઉકેલવામાં આવશે. અયોધ્યા જમીન વિવાદ મામલાની સુનાવણી ૨૯મી ઓક્ટોબરથી શરૂ થશે. મુખ્ય પક્ષકારોના રામલલ્લા, નિરમોહી અખાડા, સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડ તથા હિન્દુ મહાસભા છે. આ ઉપરાંત અન્ય કેટલીક અરજીઓ પણ કરવામાં આવી ચુકી છે જેમાં સુબ્રમણ્યમ સ્વામીની અરજી પણ છે. સ્વામીએ પૂજાના અધિકારની માંગ કરી છે. રામજન્મભૂમિ પર વહેલી તકે મંદિર નિર્માણની વાત કરીને ભાગવતે નવી ચર્ચા છેડી દીધી છે. રામ મંદિર હિન્દુ અને મુસ્લિમ વચ્ચેનો કોઈ મામલો નથી. તે ભારતના પ્રતિક તરીકે છે. જે પણ રસ્તો યોગ્ય લાગે તે રસ્તાથી આનુ નિર્માણ કરવામાં આવે તેવી વાત ભાગવતે કરી હતી. રામ મંદિરના મામલે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે કેટલાક લોકો રાજનીતિના કારમે જાણીજોઈને મંદિર મુદ્દો ઉઠાવે છે. પ્રબોધનથી મન પરિવર્તન થાય છે અને ત્યારબાદ સમાજ તેને સ્વીકારી લે છે. ધર્મના મામલામાં સંબંધિત ધર્મના ધર્માચાર્યો સાથે વાતચીત કરવી જરૂરી છે. તમામને સાથે લઈને પણ ધીમી ગતિએ ફેરફાર કરવામાં આવી શકે છે. એસસી-એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ મોદી સરકાર દ્વારા તેને બદલી નાંખવામાં આવ્યા બાદ ઉભી થયેલી મડાગાંઠ મુદ્દે બાગવતે મોદી સરકારને કેટલીક સલાહ આપી હતી.